દાંતીવાડાનાં નીલપુરમાં પાણી બગાડ મામલે મુખ્યમંત્રી ઓનલાઈન ફરિયાદ

દાંતીવાડા, તા.૨૬

દાંતીવાડા નજીક આવેલા નીલપુર ગામે છેલ્લા છ માસથી ગ્રામ પંચાયતની નિષ્કાળજી અને ગફલતથી પીવાના પાણીનો બગાડ થાય છે અને આ પાણી બેદરકારીએ જાહેર રસ્તામાં વેડફાતા કાદવ કીચડ સાથે રસ્તામાં વહી જતા આ પાણીથી સ્થાનિકો ભારે અગવડ વેઠી રહ્યા છે. આ મામલે રજુઆતો છતાં કોઈ ફળદાઈ પરિણામ ન આવતા મુખ્યમંત્રી ઓન લાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં આ મામલે ફરિયાદ થતા ચકચાર મચેલ છે.

(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

આ અંગેની ફરિયાદની મળતી વિગતો જોતા બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા પાસે નીલપુર ગામ આવેલું છે. આ ગામના ચુંટાયેલા સરપંચ દ્વારા ગામમાં પીવાના પાણીને ઘેર ઘેર પહોંચતું કરવા બોરમાંથી પાઈપ લાઈન મારફતે પાણી પહોંચાડવાની વ્યવસ્થા ગોઠવેલ છે જો કે આ પાણી વપરાશનો કોઈ સમયમર્યાદા ન રખાતા પાણી ચાલુ થયા બાદ અટકવાનું નામ લેતું નથી અને અમુલ્ય પાણી સતત વેડફાતું રહે છે. અગાઉ આ માટે કેટલાક જાગૃત ગ્રાજમનોએ

પંચાયત પાસે રજૂઆત બાદ ટાઈમર સ્વીચ નંખાવી હતી જો કે આ સ્વીચ હાલ ધૂળ ખાય છે અને પાણી વેડફાવાની સ્થિતિ હાલ નીલપુર ગામની ગલીએ ગલીએ યથાવત છે. પાણી વેડફાતા જાહેર રસ્તા પર આવતા કાદવ કીચડ થાય છે. તો વળી શાળાનાં બાળકો આ ગંદા પાણીમાંથી પસાર થઈ સ્કુલે જતા બાળકો તકલીફ ભોગવી રહ્યા છે. ગામમાં પંચાયતનાં સરપંચને આ સમસ્યાથી જાણે કોઈ લેવા દેવા જ નથી તેવું વર્તન રાખતા આખરી ઉપાયે આ મામલે ગામના જાગૃત નાગરિક પ્રવીણભાઈ ચૌધરીએ બનાસકાંઠા જિલ્લા મેજીસ્ટ્રેટ સમક્ષ મુખ્યમંત્રી ઓનલાઈન ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં પોતાની લેખિત ફરિયાદ આધાર પુરાવા સાથે રજુ કરી છે. અને પોતાની ફરજ પ્રત્યે ગફલત દાખવનાર સરપંચ વિરુધ્ધ પગલા લેવાની દાદ માંગતા દાંતીવાડા પંથકમાં ચકચાર મચેલ છે.

નાફેડ દ્વારા ખરીદાતી મગફળીના રોકડ નાણાં ન ચૂકવાતા હોવાનો આક્ષેપ

હિંમતનગર, તા. ૨૬

ચાલુ વર્ષે રાજ્ય સરકાર દ્વારા નાફેડના માધ્યમથી ખેડૂતો પાસેથી ખરીદ કેન્દ્રો શરૂ કરીને મગફળીની ખરીદી કરવામાં આવી રહી છે. પરંતુ મગફળી વેચનાર ખેડૂતોને માલ લીધા પછી રોકડ નાણાં ચૂકવાતા ન હોવાનો હિંમતનગરના એક સહકારી અગ્રણીએ આક્ષેપ કર્યો છે.

આ અંગે સહકારી અગ્રણી અંબાલાલ ઉપાધ્યાયે જણાવ્યું હતું કે નાફેડ દ્વારા રાજ્ય સરકાર ખેડૂતો પાસેથી રૂ. ૮૦૦ના ભાવે મગફળીની ખરીદી કરી રહી છે. જેમાં મગફળી ફોલીને ઉતારાબંધ બેસે તો જ ખરીદી કરવાની શરત હોવાથી મોટાભાગના ખેડૂતો મગફળી વેચી શકતા નથી. દરમિયાન જે મગફળીનો ઉતારો બંધ બેસે તેને ખરીદ કેન્દ્ર દ્વારા ખરીદવામાં આવે છે. પરંતુ ખેડૂતોને રોકડ નાણાં ચૂકવવાને બદલે ખરીદ કેન્દ્રની અનુકૂળતા મુજબ નાણાં અપાય છે. જેના કારણે બે મહિના સુધી કેટલાક ખેડૂતોને માલના નાણાં મળ્યા નથી. બીજી તરફ જિલ્લાના અન્ય સ્થળે આવેલ માર્કેટયાર્ડમાં મગફળીની ખરીદી કર્યા બાદ તરત જ નાણાં ચૂકવાય છે. જ્યારે નાફેડ મારફતે ખરીદાતી મગફળીના નાણાં રોકડમાં ચૂકવાતા નથી. જેથી કાનૂન ભંગ થાય છે.

સિરામિક ટાઈલ્સની ફેક્ટરીમાં મજુરો વચ્ચે અથડામણ : એકનું મોત

પ્રાંતિજ, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાના અમદાવાદ-હિંમતનગર નેશનલ હાઈવે નંબર આઠ પર પ્રાંતિજ પાસે આવેલા દલપુર ગ્રામ પંચાયતની હદના કાટવાડના સીમાડે આવેલા ઔદ્યોગિક એકમોમાં એક સિરામીક ફેક્ટરીમાં ટાઈલ્સ નાંખવાની લારી ખેંચવાની બાબતે થયેલી તકરારમાં પરપ્રાતિય મજૂરો વચ્ચે મારામારી થતા ચાર મજૂરોને ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્તોને હિંમતનગર ખાતે આવેલી મેડીસ્ટાર હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં બ્રિજેશ ઉદલ નામના એક મજૂરનું સારવાર દરમ્યાન કરૂણ મોત નિપજ્યું હતું.

પ્રાંતિજ પાસેના સિરામિક ઝોનમાં આવેલી સીટી ટાઈલ્સની ફેક્ટરીમાં આ ઘટના બની હતી. જેમાં કેટલાક કામદારોએ બીજા કામદારની લારી (ટ્રોલી) લઈ જતા કામદારોના બે જુથ વચ્ચે પહેલા બોલાચાલી થઈ હતી પછી તે ગાળાગાળીમાં પરિણમી અને અંતે એક જૂથે બીજા પર લોખંડના સળીયા, પાઈપો અને ટાઈલ્સ ભરેલા ખોબા વડે હૂમલો કરતા ચાર મજૂરોને ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત મજૂરોને હિંમતનગરની મેડીસ્ટાર હોસ્પિટલમાં તાત્કાલિક ખસેડાયા હતા જ્યાં સારવાર દરમ્યાન એકનું કરૂણ મોત નિપજ્યું હતું. પ્રાંતિજ પોલીસે આ અંગે ગુનો નોંધી નવ આરોપીઓની ધરપકડ કરી હતી જ્યારે એક આરોપી ફરાર થઈ જવા પામેલ છે.

અદેપુરમાં કૂવાના પાણી બાબતે ભાઈ અને ભત્રીજીને કુહાડી મારતા ફરિયાદ

હિંમતનગર, તા. ૨૬

વિજયનગર તાલુકાના અદેપુર ગામે સોમવારે મજીયારા કૂવામાંથી પાણી લેવા બાબતે બે ભાઈ અને ભત્રીજાએ ભેગા મળી ભાઈ અને તેની ભત્રીજીને માથામાં કુહાડી મારતા બંને ઘાયલ થયા હતા.

જે અંગે ત્રણ વ્યક્તિ વિરૂદ્ધ મંગળવારે વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા તપાસ હાથ ધરી છે. આ અંગેની વિગત એવી છે કે અદેપુર ગામના કાળુભાઈ ગનાજી ડામોર, અશ્વિનભાઈ ગનાજી ડામોર, લાલજી ગનાજી ડામોરના મજીયારા કૂવામાંથી ખેતરમાં ઘઉંના પિયત માટે પાણી માગ્યુ હતુ. જેથી અશ્વિનભાઈ અને લાલજીભાઈએ પાણી આપવાની ના પાડી હતી. છતાં કાળુભાઈએ પાણી આપવાનું કેમ ના કહો છો તેમ કહેતા અશ્વિનભાઈ ડામોરે અપશબ્દો બોલી કાલુભાઈ તથા તેમની દીકરી મનીષાના માથામાં ઊંધી કુહાડી મારી હતી. લાલજીભાઈ અને ગોવિંદ અશ્વિનભાઈ ડામોરે ગડદાપાટુનો માર મારી કાળુભાઈ તથા તેની દીકરી મનીષાને ઘાયલ કરતા તેમને સારવાર આપવામાં આવી હતી. બનાવ અંગે કાળુભાઈ ડામોરે મંગળવારે સવારે અશ્વિનભાઈ, લાલજીભાઈ તથા ગોવિંદભાઈ ડામોર વિરૂદ્ધ વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પાલનપુરથી ૨૦ કિ.મી.ના અંતરે કુદરતી સૌંદર્ય વચ્ચે બિરાજમાન પ્રાચીન શ્રી હરગંગેશ્વર મહાદેવ, હાથીદરા ખાતે આગામી તા. ૧૦મી ડિસેમ્બરથી ૧૮મી ડિસેમ્બર દરમ્યાન મુંબઈના કથાકાર ભૂપેન્દ્રભાઈ પંડ્યાની વ્યાસપીઠે રામાયણ કથા અને વિષ્ણુ મહાયાગ તેમજ પ્રાણપ્રતિષ્ઠા સહિતના ધાર્મિક કાર્યક્રમોનું આયોજન હાથ ધરાયું છે. આ ધાર્મિક પ્રસંગે ધ્વજારોહણ દરમ્યાન હેલીકોપ્ટરથી પુષ્પવૃષ્ટી કરવામાં આવનાર છે. આસપાસના વિસ્તારની તમામ ધર્મપ્રેમી જનતાને આમંત્રણ આપવામાં આવ્યું છે. (તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

લાંબડીયા-કોટડા માર્ગ પર જીપે બાઈકને ટક્કર મારતા યુવાનનું મોત

હિંમતનગર, તા. ૨૬

પોશીના તાલુકાના લાંબડીયા-કોટડા માર્ગપર રવિવારે એક જીપ ચાલકે બાઈક ચાલક યુવાનને ટક્કર મારી હતી. જેથ યુવાનને ગંભીર ઈજા થતાં તેને ખડબ્રહ્મા સારવાર માટે લઈ જતાં રસ્તામાં જ મોત નિપજ્યું હતું. બનાવ અંગે ખેરોજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ દાંતીભાઈ કલાભાઈ બુંબડીયા (રહે. ઝાંઝર, રાજ) બાઈક નંબર આર.જે. ૨૭. એસ.એક્સ ૦૪૫૪ લઈને તેની વીંછી ગામે લોકાઈ ગયા હતા. તેઓ લોકાઈ પતાવી વીંછી ગામેથી રવિવાર બપોરે લાંબડીયા-કોટડા માર્ગ પરથી જઈ રહ્યા હતા. દરમિયાન આ માર્ગ પર પુરઝડપે આવતી જીપ નંબર જીજે-૧.એ.એક્સ. ૯૧૯૩ના અજાણ્યા ચાલકે બાઈકને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. જેથી બાઈક પરથી ફંગોળાઈને દાંતીભાઈ જમીન પર પટકાતા ગંભીર ઈજા થતાં લોકો તેમને સારવાર અર્થે ખેડબ્રહ્મા લઈ જતાં દાંતીભાઈનું રસ્તામાં જ મોત નિપજ્યું હતું. આદિવાસી સમાજના રીવાજ મુજબ આ બનાવ અંગેનો નિકાલ ન થતાં બે દિવસ બાદ મૃતકના ભાઈ હવાભાઈ કલાભાઈ બુંબડીયાએ જીપચાલક વિરૂદ્ધ ખેરોજ પોલીસ સ્ટેશનમાં મંગળવારે ફરિયાદ નોંધાવતા પોલીસેઅકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ધનસુરા ડેપોમાં લોકભાગીદારીથી સ્વચ્છતા અભિયાનનું આયોજન

ખેડબ્રહ્મા, તા. ૨૬

ખેડબ્રહ્મા એસ.ટી. ડેપો દ્વારા તા. ૨૯મી નવેમ્બરે લોક-ભાગીદારીથી સ્વચ્છતા અભિયાનનું આયોજન હાથ ધરાયેલ છે. ડેપોમાં આવતા મુસાફરોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ કેળવાય તેના માટે આ આયોજન કરવામાં આવ્યું છે તેવું ડેપો મેનેજર હાર્દિક સગરે જણાવ્યું હતું.

હિંમતનગરમાં બેટી બચાવો કાર્યક્રમ યોજાયો

હિંમતનગરના મહેતાપુરા વિસ્તારમાં આવેલ રામજી મંદિર ખાતે રવિ સેવા ટ્રસ્ટ દ્વારા તાજેતરમાં બેટી બચાવો કાર્યક્રમનું આયોજન કરાયું હતું. જેમાં ભ્રૂણ હત્યા, ઘરેલું હિંસા અને મહિલાઓ પર થતાં અત્યાચારો અંગે જાગૃતિ લાવવાના પ્રયાસ કરાયા હતા. તેમજ સંસ્થા દ્વારા ચાલતા સ્વરોજગારીના વર્ગોમાં જોડાયેલ મહિલાઓને પ્રમાણપત્રનું વિતરણ કરાયું હતું. રવિ સેવા ટ્રસ્ટના પ્રમુખ ભરતભાઈ પટેલ તથા નિશાબેન પરમારે બેટી બાચોવ કાર્યક્રમ અંગે ગુજરાત પ્રદેશ મહિલા મોરચાના ઉપાધ્યક્ષ કૌશલ્યાકુંવરબા તથા ભવરસિંહ પરમારની ઉપસ્થિતિમાં મહિલાઓને મુંઝવતા પ્રશ્નો અંગે સમજ આપી હતી.

દાંતીવાડા કેનાલમાં ઝંપલાવી યુવાનની આત્મ હત્યા

દાંતીવાડા, તા. ૨૬

દાંતીવાડા તાલુકામાં આવેલા દાંતીવાડા ડેમની કેનાલમાં ખેતી કામ કરતા યુવાને કેનાલમાં ઝંપલાવી આત્મહત્યા કરી, કેનાલનું પાણી બંધ કરાવી યુવાનની શોધખોળ હાથ ધરી હતી, બાર કલાક બાદ લાશ મળી આવી હતી.

મળતી માહિતી મુજબ દાંતીવાડા તાલુકાની કેનાલમાં બનાસ નદીના પુલની જોડેના ભાગેથી મૂળ ભડથ ગામના રહેવાસી અને હાલમાં દાંતીવાડા તાલુકાના ચોડુંગરી ગામે ભાગ રાખી ખેતી કામ કરતા બાબુભાઈ રામજીભાઈ હરીજન ઉંમર વર્ષ ૧૯ સોમવારની સાંજે ૬ વાગ્યાના સમય દરમિયાન પોતાના ભાઈને બોલાવી ભાઈને નજરો સામે કેનાલમાં ઝંપલાવ્યું હતું, ત્યારબાદ કેનાલનું પાણી બંધ કરવામાં આવ્યુ હતું, કેનાલનું પાણી બંધ કરાયા બાદ કલાકો સુધી શોધખોળ કરી હતી, કુટુંબીજનો દ્વારા આખી રાત શોધખોળ કરી હતી અને બીજા દિવસે મંગળવારના સવારે ૬ વાગ્યાના સમયે બાર કલાક બાદ લાશ કેનાલ ઉપરના એક ઝાડવામાં ફસાયેલી જોવા મળી હતી. લાશને બહાર કાઢી લાશનો કબજો પોલીસની હાજરીમાં કુટુંબીજનોને સોંપવામાં આવ્યો હતો.

પાલનપુરમાં લગ્ન ભોજન સમારંભ બાદ ખોરાકી ઝેરની અસર

પાલપુરની સિવિલ હોસ્પિટલ ખાતે નર્સ તરીકે સેવા આપી ચુકેલા પૂર્વ નર્સના લગ્ન પ્રસંગે હાઈવે સ્થિત એક રેસ્ટોરન્ટમાં યોજાયેલ બપોરના ભોજન સમારંભ બાદ ૧૫ વ્યકિતઓને ફુડ પોઈઝનીંગની અસર થતા તમામને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવા પડયા હતા. જેમાંથી કેટલાકને ગંભીર અસર થતા વધુ સારવાર અર્થે મહેસાણા ખાતે ખસેડવામાં આવ્યા હતા.

હિંમતનગરમાં પીર ગાજી જમાલુદ્દીન બાવાનો ઉર્સ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મંથક હિંમતનગરમાં હિંમત હાઈસ્કૂલ સામે આવેલ હજરત પીર ગાજી જમાલુદ્દીન બાવાના ઉર્સની ઉજવણી મોહરમ માસના ૧૭માં ચાંદે ૨૩મી નવેમ્બર શુક્રવારે ધામધૂમથી કરવામાં આવી હતી. હિન્દુ મુસ્લિમ એકતાના પ્રતિક સમાન બાબાની મજારે શરીફ ઈશાની નમાજ પઢયા પછી કુરાન ખ્વાજા-ચંદલ શરીફની રસમ યોજવામાં આવી હતી. બાબાની મજારે મન્નત રાખનાર શ્રધ્ધાળુઓએ ઢોલવાજા સાથે ચાદર ચઢાવીને મોટી સંખ્યામાં ન્યાઝ (પ્રસાદી) મેળવી હતી.

પાલનપુરમાં ખાણીપીણીના લાયસન્સ ઈશ્યુ કરવા બાબતે ગેરરિતીની શંકા

પાલનપુર, તા.૨૬

પાલનપુર શહેરમાં ખાણી પીણીના દુકાનદારોને નવા લાયસન્સ મેળવવા માટેની સરકારી પ્રક્રિયા પૂર્ણ કરાઈ હોવા છતાં પણ ખોરાક અને ઔષધ વિભાગ દ્વારા નવા નિમાયેલા અધિકારીનો ફરજીયાત સંપર્ક કરવો પડે છે. લાયસન્સની પ્રક્રિયા ગાંધીનગરથી થતી હોવા છતાં આ અધિકારી નવો ચીલો ચાતરી જાત સર્વે કરી અભિપ્રાય આપતા જણાયું છે. જો કે આ બાબતે શહેરના નામાંકિત ખાણી પીણીના સંચાલકોમાંથી કેટલાકે નામ ન આપવાની શરતે આ નવા નિમાયેલા મહિલા અધિકારી દ્વારા લાયસન્સ આપવા માટે નૈવધની માંગણી કરવામાં આવતી હોવાનો આક્ષેપ કર્યો છે. મહિલા અધિકારીની આ પ્રક્રિયાને કારણે ખાણી પીણીના વેપારીઓ મુશ્કેલીમાં મુકાતા હોઈ આ સંદર્ભે ગંભીરતા દાખવી બનાસકાંઠા જિલ્લા કલેકટર દ્વારા ન્યાયિક તપાસ કરાય તેવી માંગણી ઉઠવા પામેલ છે.

રાજપૂત સમાજના શૈક્ષણિક ઉત્કર્ષ માટે મહેસાણા જિલ્લાની ચિંતન બેઠક

અખિલ ગુજરાત રાજપૂત યુવા સંઘ દ્વારા સમાજના શૈક્ષણિક ઉત્કર્ષ માટે મહેસાણા જિલ્લાના રાજપૂત સમાજના હિતચિંતકોની મિટીંગ ૧ ડિસેમ્બર ૨૦૧૩ના રોજ બપોરે એક કલાકે હોટલ સહારા બ્રીજ, મોઢેરા ચાર રસ્તા, મહેસાણા ખાતે યોજાશે. જિલ્લાના દરેક ગામોમાંથી પ્રતિનિધિઓ મીટીંગમાં હાજરી આપે તે માટે અનુરોધ કરવામાં આવ્યો છે. શિક્ષણ વિષયક જાગૃતિ આવે અને સમાજ પ્રગતિશીલ બને તે માટે આ મીટીંગમાં ગુજરાતના અગ્રણી રાજપૂતો આ મીટીંગ સંદર્ભે ચિંતન કરશે. માહિતી માટે મો.નં. ૯૯૭૪૦૩૯૧૯/૯૪૨૮૦૦૮૯૪૬ સંપર્ક સાધવો.

ભિલોડાના મોહનપુર ગામ પાસે આવેલ હોટલમાં

દોરડે લટકતો મૃતદેહ જોઈ લોકોના ટોળેટોળા ઉમટ્યા : રહસ્યમય મોત કે આત્મહત્યા ?

ભિલોડા, તા.૨૬

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના મોહનપુર ગામ પાસેના શહિદ પેટ્રોલપંપની બાજુમાં રાજપુતાના લોજમાં લાકડાના દોરીયા ઉપર સુતરની દોરી અને કેબલના વાયર વડે લટકતી લાશ જોઈ મેઈન હાઈવે પર આ લોજ આવેલ હોઈ આવતા-જતા લોકો આ લાશ જોઈ કોની હશે ? શુ થયું હશે ? આત્મહત્યા કરી હશે કે કોઈએ મારીને લટકાવી દીધો હશે ? અનેક જાતજાતની અટકળો વચ્ચે તર્ક-વિતર્ક કરતાં લોકોનાં ટોળેટોળા ઉમટ્યા હતા. જોતજોતામાં મરનારના વતન નાની બેબાર ગામે ખબર પહોંચતાં રમણભાઈ કચરાભાઈ તરારે ભિલોડા પોલીસને જાણ કરતાં ઘટનાસ્થળે પોલીસ પહોંચી મરનાર કાળાભાઈ સરદારભાઈ તરાર ઉં.આ.વર્ષ-૫૦ છેલ્લા બે વરસથી રાજપુતાના લોજ ભાડે રાખી ચલાવતા હતા અને રાત્રીએ પણ ત્યાં જ રહેતા હતા તેમજ કાળાભાઈ ડાયાબીટીસની બિમારી હોઈ ખુબ જ કંટાળેલા હતા થોડા સમય પહેલાં જ ભિલોડાની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર લઈ જમણા પગે ઓપરેશન કરી આંગળી કપાવેલ હતી. ભિલોડા પોલીસે આ બાબતે ધારાધોરણની કાર્યવાહી કરી તપાસ આરંભી છે. ઝીણવટભરી તપાસ થશે તો મૃત્યુનો રહસ્યો બહાર આવી શકે તેમ છે.

ભિલોડા પોલીસ જાપ્તામાંથી હાથકડી સાથે જીપમાંથી કુદી પડી બે આરોપી ફરાર

ભિલોડા, તા.૨૬

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના કિશનગઢ મર્ડર કેસમાં સંડોવાયેલા બે આરોપીઓને ભિલોડા કોર્ટમાં પોલીસ જાપ્તા સાથે લાવી કોર્ટમાં હાજર કરી પરત હિંમતનગર લઈ જવાતા હતા ત્યારે આ બંન્ને કાચા કામના કેદીઓએ ભિલોડાના પેટ્રોલપંપ પાસેથી ટ્રાફીકની ભીડ હોઈ ગાડી સ્લો થતાં જીપમાંથી કુદી ભાગી જતાં ભારે જહેમત બાદ પોલીસે એક આરોપી સુર્યકાન્તભાઈ લોરેન્સને ઝડપી લીધો હતો પણ બીજો આરોપી અમૃતભાઈ પ્રવિણભાઈ સાંજ સુધી ન પકડાતાં મોડી સાંજે ૧૦ વાગ્યાના સુમારે ફરીયાદ દાખલ કરેલ હોવાનું જાણવા મળેલ છે.

આરોપી અમૃતભાઈ પ્રવિણભાઈ રહે. કિશનગઢ, તા.ભિલોડા તેમજ સુર્યકાન્તભાઈ લોરેન્સભાઈ રહે.લુસાડીયા, તા.ભિલોડા વિરૂધ્ધ ભિલોડા પોલીસે ફસ્ટ ગુ.ર.ન.૧૦૫/૦૧૩ ઈ.પી. કો.કલમ ૨૨૪,૧૧૪ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરેલ છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એકસકલુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
સ્ટોર નં. ૧૦૩, જુ.માર્કે.ડી.સી., કલા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૦૮૨૫૨૬૨૨૦૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીલામ,
● વાહનોનું રીપેરીંગ કામજ મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE ઈક્વેરીના ઓટોમોટીવ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓટોમોટીવ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સેન્ટર